નાના બાળકોને જિનશાસનના રંગમાં રંગતી

# તુ રંગાઈ જા ને રંગમાં



૮

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)



પૂર્ણાનંદ પ્રકાશન
અમદાવાદ

વ્હાલા બાળકો !

'તું રંગાઈ જાને રંગમાં' પુસ્તિકાઓ દ્વારા ખરેખર તમારા જીવનમાં સંસ્કારના રંગ પૂરાયા હશે સમયનો સદુપયોગ કલાનો વિકાસ થવા સાથે સાથે તમારું બાલ જીવન સુંદર સંસ્કારમય બને તે માટે જ અમારો પ્રયત્ન છે.

આઠ પુસ્તિકામાં ૮ x ૮ કુલ ૬૪ વાર્તા અને ૬૪ ચિત્રોના માધ્યમે ઘણી ઘણી જાણકારી પ્રાપ્ત થઈ હશે. ભાવી જીવન કેવું બનાવવું ? મોટા થઈને શું કરવું ? તેના પણ સંકલ્પો અને નિર્ણયો તમે નક્કી કર્યા હશે.

તમારું જીવન જિનધર્મ અને સંસ્કૃતિના સિદ્ધાંતો અને સંસ્કારથી વાસિત બની જગતના અનેક જીવોને આદર્શ રૂપ બને તે જ ભાવના સાથે...

- પૂર્ણાનંદ પ્રકાશન

**-: ૫મા અંકના લકી વિજેતા :-**

(૧) નીલાબેન ભાવેશભાઈ શાહ, ગાંધીનગર
(૨) આદિત્ય અમરભાઈ ઝવેરી, વડોદરા
(૩) ધારીણી નરેશભાઈ શાહ, નવસારી
(૪) નીતી કશ્યપભાઈ સોની, આશાનગર
(૫) સુહાની કુંજલભાઈ શાહ, વિતરાગ, અમદાવાદ.

**-: ૬ઠા અંકના લકી વિજેતા :-**

(૧) સાગર વિતરાગભાઈ, નારણપુરા, અમદાવાદ
(૨) મુક્તિબેન સંજયભાઈ શાહ, પાદરા
(૩) પૂર્વાંશ શેતલભાઈ શાહ, અમદાવાદ
(૪) જીગર નવિનભાઈ શાહ, વડોદરા
(૫) ખુશી મહેન્દ્રભાઈ શાહ, અમદાવાદ

**-: ૭મા અંકના લકી વિજેતા :-**

(૧) અમી રોહિતભાઈ શાહ, પાદરા
(૨) હેત એસ. ભાવસાર, વડોદરા
(૩) પાર્થ શૈલેશભાઈ શાહ, ભાવનગર
(૪) દીવ્ય પી. મહેતા, ભાવનગર
(૫) અરુણાબેન વિનયભાઈ શાહ, અમદાવાદ.

**સ્પર્ધા નં.: ૮**

બાળકો... અહીં આઠ પ્રશ્નો આપેલા છે તેના જવાબો તમારે નં-૭ની આ પુસ્તિકાના આધારે જ છે. નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી.

**-: પ્રશ્નો :-**

૧. ક્યાં જઈએ તો કોઈ છોડાવવા ન આવી શકે ?
૨. કોના સહવાસથી હાથી શાંત-પ્રશાંત થઈ ગયો ?
૩. શરીર કોનું સાધન છે ?
૪. જૈન વડીલ સામે મળે તો શું બોલશો...?
૫. પારકુ ધન કોના સમાન છે ?
૬. અભયકુમાર પાસે કઈ લબ્ધિ હતી ?
૭. અશુદ્ધ લખવાથી શું થાય ?
૮. કોની બુદ્ધિ કામની ?

**-: સૂચનો :-**

૧. જવાબો માત્ર પોસ્ટકાર્ડમાં જ લખવા તે સિવાય જવાબો માન્ય નહીં ગણાય.
૨. જવાબો માત્ર એક શબ્દમાં જ લખવાના છે.
૩. પોષ્ટકાર્ડમાં તમારું નામ, પૂરું સરનામું તથા સભ્ય નંબર અવશ્ય લખવો.
૪. સંપૂર્ણ સાચા જવાબ આપનારમાંથી પાંચ લકી વિજેતા નંબર આપવામાં આવશે. જે લકી વિજેતાનું નામ આગામી પુસ્તકમાં છાપવામાં આવશે તે ઈનામપાત્ર બનશે.
૫. જવાબો મોકલાવવાની છેલ્લી તા. ૩૧-૩-૧૦ રહેશે.

**-: જવાબ મોકલવાનું સરનામું :-**

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**
**C/o. પ્રદિપભાઈ એસ. શાહ**
**કે/૩, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬**

**-: સ્પર્ધા નં.: ૫ના જવાબો :-**

(૧) પેથડશાહની (૨) નૂતનમુનિ (૩) અનુપમાદેવી (૪) ધન્નાજી (૫) પશુજેવું (૫) આશાદેવી (૭) શ્રવણ (૮) વજ્રકુમાર

**-: સ્પર્ધા નં.: ૬ના જવાબો :-**

(૧) લોભવધે (૨) ધરણેન્દ્રદેવ (૩) ચાર બહારવટીયાનું (૪) ગણેશે (૫) ચંપા શેઠે (૫) પરાધીનતાનું બંધન (૭) એક ક્રોડ સોના મહોરો (૮) નામદેવ (૯) રામદાસ પૂજારી

**-: સ્પર્ધા નં.: ૭ના જવાબો :-**

(૧) દાનથી (૨) દૂધપાક-પૂરી (૩) આદ્રકુમાર (૪) સઘળીસંપત્તિ (૫) પર્વતે (૫) એક ક્રોડ સોનામહોર (૭) પેથડશા મંત્રીને (૮) સિદ્ધરાજ

નાનાં બાળકોને જિનશાસનના રંગમાં રંગતું..

# તું રંગાઈ જાને રંગમાં

(રંગપૂરણી ચિત્રવાર્તાઓ)

વર્ષ : ૨ | અંક : ૪ | સળંગ અંક : ૮

નાનાં બાળકોને જિનશાસનના ચમકતા સિતારાઓનો પરિચય કરાવતી આ રંગપૂરણી ચિત્રવાર્તાઓ બાળકમાં રહેલી કલાની વૃત્તિને જાગ્રત કરી બાળકને ધર્મના રંગે પણ રંગશે. બાળક પોતાના મન પસંદગીના રંગો ભરી ઘડી બે ઘડી માટે આ મહાપુરુષોના જીવનમાં ડૂબી જશે તથા રંગો ને કલા અંગેની સૂઝમાં પણ પ્રગતિ કરી શકશે.

: પ્રેરણા - માર્ગદર્શક :

પૂ.આચાર્યદેવશ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

**પૂજ્ય પંન્યાસ શ્રી નયચંદ્રસાગરજી મ.સા. ગણિવર્ય**

માનદ્ ચિત્રકાર : **પુષ્પેન્દ્ર શાહ**

: પ્રકાશક :


**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

C/o. પ્રદિપભાઈ એસ. શાહ

કે/3, વિવેકાનંદ ફ્લેટ્સ, જોધપુર ચાર રસ્તા,

સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૦૭૬૬

## (૨) ધર્મને મહત્ત્વ આપજે



# ❁ ધર્મને મહત્ત્વ આપજે ❁

એક યુવાન, તેને ધર્મના સંસ્કાર ખૂબ જ સારા. માતા-પિતાએ ધર્મના સંસ્કાર સારા આપેલા. **ધર્મના સંસ્કાર જ તેનું કલ્યાણ કરશે તેવી** માતા-પિતાને શ્રદ્ધા હતી. તે યુવાનની બુદ્ધિ-પ્રતિભા પણ ઘણી સારી હતી. કંઈક ને કંઈક કરવાની ધગશ છે. આર્થિક પરિસ્થિતિ સામાન્ય છે. ખૂબ જ સાદાઈથી આગળ વધે છે. પણ, ભણવામાં ખૂબ જ તેજસ્વી. મહેનત કરી ભણે છે, અને આગળ જતાં મિકેનિકલ એન્જિનિયર થયો. સાધુ ભગવંતનો સંપર્ક તો નાનપણથી જ હતો. એકવાર ગુરુદેવનો વિશેષ સંપર્ક થયો. ધીમે ધીમે ધંધો સારો ચાલવા લાગ્યો. સાથે સાથે નામના પણ જામી... તેને લાગ્યું કે આ ધર્મનો પ્રભાવ છે અને ગુરુભગવંતના સંપર્કમાં રહી અવારનવાર ધર્મ-ચર્ચા કરતો. ધર્મનાં તત્ત્વોને વિચારતો તે દરમ્યાન એક દિવસ ગુરુભગવંતે કહ્યું કે ભાગ્યશાળી ! એક વાત ધ્યાનમાં રાખજે કે... ધર્મને આગળ રાખીને ધંધો કરજે. પાપ અને અનીતિથી દૂર રહેજે. **દુર્ગતિમાં જઈશ તો... તને છોડાવવા કોઈ નહીં આવે.** યુવાન ભક્તને તાર્કિક દૃષ્ટિએ પણ વાત બરાબર બેસી ગઈ. આથી, ધર્મને કોઈપણ જાતનો બાધ ન આવે તે રીતે ધંધો કરવા લાગ્યો. ભાગ્યયોગે ધંધો પણ ધમધોકાર ચાલવા લાગ્યો. બિલકુલ ફુરસદ ન મળે. જે કામો હાથમાં લે તે બહુ જ સારી રીતે પૂર્ણ કરે. ધંધામાં વળતર પણ સારું મળવા લાગ્યું. જેથી નામ અને દામ બંને કમાયો.

એકવાર જબરજસ્ત મોટી કંપની તરફથી ઓફર આવી. જે કામ બહુ જ મોટું હતું. તેણે ગણતરી કરી કે આ કામમાં શું મળશે ? તો તેના હિસાબે ચાલીસથી પચાસ લાખ મળવાની પૂરી શક્યતા હતી. આ યુવક એન્જિનિયર હતો. તેને તો આ બધાં કામો માટે મશીનની ડિઝાઇનો બનાવવાની હતી. ઓછી જગ્યા અને ઓછા સમયમાં વધુ કામ થાય તે રીતે સ્પેરસ્પાર્ટ્સ ગોઠવી મશીન બનાવવામાં તેની માસ્ટરી હતી.

જો આ ઑફર પ્રમાણે ડિઝાઈન બનાવી આપે અને તેની ડિઝાઈન પાસ થાય તો સેંકડો નહીં બલકે લાખો જીવોની કત્લેઆમના ભાગીદાર બનવું પડે.


તેને તો ફક્ત ડિઝાઈન બનાવી આપવાની હતી. તેને હિંસા કરવાની ન હતી. અને આટલું કરે તો રૂપિયા જ રૂપિયા હતા. લક્ષ્મીનો ઢગલો થવાનો હતો પણ હૈયામાં વહેતો જીવો પ્રત્યેનો દયા-કરૂણાનો ભાવ, **હૈયામાં વહેતી ગુરુવાણીનો રણકાર આ યુવાનને સ્પર્શી ગયેલો.** એણે કંપનીવાળાને કહી દીધું કે આ કાર્ય મારાથી નહીં થઈ શકે. કંપનીવાળાએ બીજા દિવસે આ યુવાનનો ટાઇમ લઈને મીટિંગ ગોઠવી અને કહ્યું કે વળતર ઓછું મળતું હોય તો બોલો, પરંતુ ના કેમ પાડો છો ? તો યુવાને કહ્યું કે વળતરનો સવાલ નથી. **આ કામ કરવાની મારો ધર્મ ના પાડે છે. ધર્મ કચડીને ધન શું કરવાનું ?** ધન્ય છે આવા જિનશાસનના છૂપા રત્નોને જેઓએ શાસનનું ગૌરવ વધાર્યું છે.

**બાળકો : ૧. જીવનમાં ધર્મને મહત્ત્વ આપજો. ધર્મ જોઈએ કે ધન ? તે નક્કી કરશો.**

**૨. ધર્મ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા તમને સફળતાના માર્ગે લઈ જાય છે.**

**૩. દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેની ખુમારીવાળા જીવો હશે ત્યાં સુધી શાસનનો જય જયકાર થશે.**

## (૪) આલંબનની અસર



# ❁ આલંબનની અસર ❁

'साधुनां दर्शनं पुण्यम्' **સાધુઓનું માત્ર દર્શન કરવું તે પુણ્ય છે.** તે આર્ય-સંસ્કૃતિની ઉક્તિને જણાવતો આ પ્રસંગ છે.

એ રાજાનો પ્રાણપ્રિય હાથી કેટલાયે યુદ્ધમાં શૂરતા-વીરતાપૂર્વક લડીને રાજાને જિતાડેલા. ઘણા સમયથી યુદ્ધની શાંતિ હતી પરંતુ અચાનક યુદ્ધનાં એંધાણ જણાતાં સૈનિકો-હાથી અને ઘોડાઓને તાલીમ આપવાની તૈયારી ચાલી. રાજાના પ્રાણપ્રિય વિજયવંત તે હાથીને પણ યુદ્ધના મેદાનમાં લડાઈ માટે તૈયાર કરવા તાલીમ આપવા લાગ્યા. પ્રતિસ્પર્ધી શત્રુથી આ વખતે બચવા માટે હાથીને તૈયાર કરવા ખૂબ જ પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ આ કાબેલ હાથી કોઈ જ હિસાબે લડાઈ માટે તૈયાર થતો નથી. સૌ આશ્ચર્ય પામ્યા.

છેવટે તાલીમ આપવાવાળા માણસો કંટાળ્યા અને રાજાજીની પાસે આવ્યા અને કહ્યું કે મહારાજા ! આ હાથી યુદ્ધના મેદાનમાં લડવા માટે હવે બિલકુલ તૈયાર થાય તેમ લાગતું નથી. અમારા પ્રયત્નો ખૂબ જ છે પરંતુ અમો નિષ્ફળ ગયા છીએ. શૌર્યશાળી હાથી કેમ ગભરાઈ ગયો છે કાંઈ સમજાતું નથી. રાજાજી વિચાર કરે છે ક જિંદાદિલ યુદ્ધમાં પણ જે હાથી ઉપર બેસી કેટલાંય યુદ્ધો જીત્યો છું... ક્યારેય પાછો પડ્યો નથી અને હાર્યો નથી આટલો તાલીમ પામેલો શૂરવીર હાથી હવે કેમ આમ કરે છે ?

ઘણાં કારણો તપસ્યાં પરંતુ કાંઈ કારણ ન મળ્યું. પછી આખરે મંત્રીશ્વરને બોલાવી મહારાજાએ કહ્યું કે આ હાથી લડવા તૈયાર થતો નથી, આમ કેમ ? તેની ઝીણામાં ઝીણી તપાસ કરો. કારણ શોધી લાવો.

અને મંત્રીએ તપાસ શરૂ કરી, કાંઈ કારણ ન મળ્યું. આથી હાથીની હિલચાલનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. તેના હાવભાવ શાંત દેખાયા. આથી વિચાર્યું કે ચોમાસાના ચાર મહિનાના યુદ્ધના બંધ દિવસોમાં હાથીને ક્યા સ્થળ ઉપર રાખવામાં આવ્યો હતો ? તપાસ કરતાં ખબર પડી કે શાળાનું સમારકામ ચાલતું હોવાથી હાથીને અન્ય સ્થાને રાખવામાં આવ્યો હતો. જેમનું દિલ સતત અહિંસા અને જયણાથી ભાવિત હોય છે તે સાધુ ભગવંતોના ઉપાશ્રયની બરોબર સામે જ હાથીને બાંધવામાં આવ્યો હતો. મુનિઓની જયણામય આચાર અને ક્રિયાઓને ચારચાર મહિના સુધી સતત જોઈને, તેમજ આવા **ચારિત્રવાન મુનિઓના ચાર મહિના સુધી સળંગ દર્શન કરવાથી હાથીના દિલ-દિમાગ પર એવી અસર થઈ ગઈ કે તેના ક્રૂરતાનાં પરિણામ ખલાસ થઈ ગયાં. જીવદયા અને મૈત્રીભાવથી ભરેલો શાંત-પ્રશાંત ચહેરો થઈ ગયો.**

મંત્રીને આ સાચું કારણ તુરત સમજાઈ ગયું. મુનિભગવંતોના ભાવની પશુ પર પણ કેવી અસર પડતી હોય છે ! શુભ આલંબનનો કેવો ગજબનો પ્રભાવ હોય છે. કોઈપણ પ્રાણી કે મનુષ્યના મનની વૃત્તિ કરૂણાથી કોમળ બને છે ત્યારે તેમાં કેવી ચમત્કારિક શક્તિ પ્રગટ થઈ જાય છે !

''માટે જ સંત-સાધુ પુરૂષોના શુભ સમાગમના આલંબનના વાતાવરણમાં સતત રહેવું જોઈએ. અને...મંત્રીએ તુરત તે હાથીને સતત ખટાખટ કરતી શસ્ત્રશાળા સામે બાંધ્યો. શસ્ત્રોને જોઈને ફક્ત સાત દિવસમાં હાથીના દયાના સંસ્કારો દબાઈ ગયા અને કઠોરતાના-શૂરાતનના જૂના સંસ્કારો ફરી જાગ્રત થઈ ગયા. અને...હાથી યુદ્ધમાં લડવા માટે તૈયાર થઈ ગયો.

''આ છે... શુભ કે-અશુભ આલબંલનનો પ્રભાવ''

બાળકો : **૧. જોયુંને યુદ્ધમાં લડવાવાળા હાથીના વિચારો પણ સારી ક્રિયાઓ જોઈને બદલાઈ જાય છે.**

**૨. આપણા સાધુભગવંતોનું ચાર મહિના ચોમાસુ એક જ જગ્યાએ હોય તેની અસર કેવી થતી હશે ? તે આ વાર્તા ઉપરથી વિચારશો.**

**૩. ''સોબત એવી અસર થાય છે'' તે ચોક્કસ છે. તમો હંમેશાં શુભ વાતાવરણમાં રહેશો.**

**૪. રોજ સાધુ-સાધ્વી મહારાજના દર્શન કરશો.**

(૬) ઈન્દ્ર કરતાં બાદશાહ મોટા



# ❊ ઈન્દ્ર કરતાં બાદશાહ મોટો ❊

બાદશાહ અકબરના દરબારમાં નવ રત્નો હતા. બીરબલ નવ રત્નોમાંનો એક હતો. તેની બુદ્ધિ અને હાજર જવાબી ગજબની હતી. તેનાથી જ તે અકબરના દરબારમાં ઉચ્ચ સ્થાન પામ્યો હતો. તે રાજ્યના અટપટા પ્રશ્નો ઉકેલતો. પ્રજાજનોને ન્યાય અપાવતો અને બાદશાહને પણ સાચી વાત કરી બોધપાઠ અપાવતો. પરંતુ **પોતાની બુદ્ધિનો ક્યારેય દુરૂપયોગ ન કરતો. પોતાની બુદ્ધિથી કોઈને દુઃખી ન કરે.** કોઈને હેરાન ન કરે. **બીજાના સંકટ સમયે કામ કરે તેની બુદ્ધિ કામની.**

એક દિવસ સવારે અકબર બાદશાહ અને બીરબલ બગીચામાં ફરવા નીકળ્યા છે. ફરતાં ફરતાં બન્ને જણા અલક મલકની વાતો કરતા હતા. તેમાં સ્વર્ગના રાજા ઇન્દ્રની વાત આવી. અકબર તો તુક્કાબાજી મનમોજી ક્યારે ક્યો તુકકો મનમાં સૂઝે કાંઈ કહેવાય નહીં. ક્યારેક સહુના આનંદ-પ્રમોદ માટે પણ તુક્કા ચલાવે. તેમાં ક્યારેક કોઈની બુદ્ધિની પરીક્ષા પણ થઈ જાય. ઇન્દ્રની ચર્ચા ચાલતાં-અકબરને થયું કે આ ઇન્દ્ર કેવો હશે ? એ મોટો રાજા હશે કે નાનો રાજા હશે ? તેણે બીરબલને પૂછયું. ''બીરબલ ! ઇન્દ્ર દેવલોકનો રાજા છે. હું પૃથ્વીલોકનો રાજા છું. તો ઇન્દ્ર મારાથી મોટો રાજા કે હું ઇન્દ્રથી મોટો રાજા ? જે ખરું હોય તે જ કહેજે.''

બીરબલ મૂંઝાયો અને થયું કે જો ઇન્દ્રને મોટો કહું તો બાદશાહ નારાજ થશે અને જો બાદશાહને મોટો કહું તો રાજા સાબિતી માંગશે ? આથી. બીરબલ કાંઈ બોલ્યો નહિ. મૌન જ રહ્યો. એટલે અકબર બાદશાહ જીદ કરવા લાગ્યા... અને કહ્યું કે તુ ગમે તે કર મને હમણાં ને હમણાં જ મારા પ્રશ્નોના જવાબ આપ. ''બીરબલે વિચાર કરી તરત જ કહ્યું કે'' જહાંપનાહ ! ઇન્દ્ર કરતાં તમે મોટા છો. ! બાદશાહ મનમાં ને મનમાં રાજી થયો. ખુશામત કોને ન ગમે ? **ખુશામત તો ખુદા કો ભી પ્યારી છ** પણ આમ સહેલાઈથી જવાબ આપી બીરબલ છૂટી જાય તો બાદશાહને ચેન ન પડે. બાદશાહે કહ્યું, 'બીરબલ, તું મને ઇન્દ્ર કરતાં મોટો કહે તે હું કેવી રીતે માની લઉં ? એની કોઈ સાબિતી તો આપ ?'

બીરબલને તો ખબર હતી કે બાદશાહ સાબિતી માંગશે. તેણે તરત જ રમૂજી ભર્યો જવાબ આપ્યો કે...'બ્રહ્માજીએ આ દુનિયા બનાવવાનું શરૂ કર્યું ત્યારે સર્વપ્રથમ બે પૂતળાં બનાવ્યાં હતાં. એક તમારું અને બીજું ઇન્દ્રનું. બેમાંથી મોટું કોણ તે સ્વયં ઇન્દ્ર પણ નક્કી કરી ન શક્યા. તેથી તમો બેયને એક મોટા ત્રાજવાના એક-એક પલ્લામાં મૂક્યા.

મહારાજા તમે મોટા એટલે વજનમાં પણ ભારે હતા. તેથી તમારું પલ્લું નમી ગયું. અને ઇન્દ્ર નાના એટલે વજનમાં હલકા તેથી એમનું પલ્લું ઊંચું ગયું. એટલે બ્રહ્માએ તમને પૃથ્વીનું રાજય અને ઇન્દ્રને સ્વર્ગનું રાજય આપ્યું.


''આમ, બ્રહ્માજીએ તે વખતે જ નક્કી કરી આપ્યું હતું કે તમે જ મોટા છો. બીરબલના જવાબથી બાદશાહ અકબર હસી પડ્યા અને કહ્યું.'' 'વાહ ! બીરબલ વાહ ! 'તારી બુદ્ધિને કોઈ ન પહોંચે.'

બાળકો : ૧. **બીરબરલની બુદ્ધિ બીજાને ફાયદો કરતી, નુકસાન નહીં, તમારી બુદ્ધિનો ઉપયોગ પણ બીજાના ફાયદામાં કરશો.**

૨. **કંઈપણ વાત કરતાં પહેલાં સામેથી વ્યક્તિ બીજો શું પ્રશ્ન કરશે તે વિચારીને જવાબ આપવો.**

૩. **બાળકો ! બીરબલ જેવા હાજરજવાબી બનશો.**

(૮) પ્રભાવ પ્રભુના ન્હવણ જલનો




# ❀ પ્રભાવ પ્રભુના ન્હવણ જલનો ❀

પૂ. આચાર્ય અભયદેવસૂરિ મહારાજ સાહેબ ત્યાગી હતા. પણ એમને કોઈક પૂર્વભવના કર્મના કારણે કોઢ રોગ થયો. ધીરધીરે આખા શરીરે વ્યાપી ગયો. **કર્મ કોઈને છોડતું નથી. કર્મ બાંધ્યા પછી ઉદયમાં આવ્યા પહેલાં ન છૂટે તો ભોગવવું પડે.** પ્રભુને પણ ઉપસર્ગ સહન કરવા પડ્યા હતા. આચાર્ય મ.ને કોઢ રોગના કારણે આખા શરીરમાં ભારે ખાજ સાથે રસી પડે અને ભયંકર દુર્ગંધ મારે. આની વેદના ભારે થતી હતી તો પણ આચાર્ય ભગવંત સમતારૂપી રસનું આચમન કરી કર્મને ભોગવતા હતા. વૈદ્યની પણ દવા લેતા નહીં. **કોઈ ભવમાં આપણે જ કર્મ બાંધ્યાં છે તેના ઉદયમાં આર્તધ્યાન થાય તો નવાં કર્મો બંધાય. રોગ એ તો દેવું ચૂકવાય છે, દેવું ઓછું થાય તે તો... આનંદની વાત છે એમ માની સદાય પ્રસન્ન રહેતા.** વેદના તો શરીરને થાય છે. આત્માને શું લેવા-દેવા, જાણે તેમને આત્મા અને શરીર જુદાં જ ન હોય એવી રીતે તે વર્તતા હતા? એક દિવસ આરાધનામાં મગ્ન બનેલા આચાર્ય ભગવંતને વિચાર આવ્યો કે કોઢ રોગથી સડેલા આ શરીર દ્વારા હવે બહુ ધર્મ નહીં થાય. **શરીર તો ધર્મનું સાધન છે. મોક્ષની આરાધના માટે છે. ભોગ-વિલાસ ને વિરાધના માટે આ માનવ-ખોળિયું નથી.** ધર્મ આરાધનામાં સાથ ન આપે તેવા શરીરને શું કરવાનું? માટે હવે અણસણ લઉં! આચાર્ય મહારાજે અણસણ કરવાની તૈયારી કરી અને ત્યાં જ અચંબો થયો. એક જવાજલ્યમાન પ્રકાશનો પુંજ પ્રગટ થયો. આચાર્ય ભગવંતે જોયું તો તે શાસનદેવી ચક્રેશ્વરી દેવી હતાં. ચક્રેશ્વરી દેવીએ અભયદેવસૂરિને કહ્યું કે 'હે સૂરિવર, તમે અણસણ ન સ્વીકારો. હજી તમારે શાસનનાં અનેક કામ કરવાનાં છે. હવે પડતો કાળ આવે છે. આગમશાસ્ત્રના કોઈ ખોટા અર્થો ન કરે તે માટે તમારે નવઅંગની ટીકા (સંસ્કૃત વિવરણ) રચવાની છે. ત્યારે આચાર્ય મહારાજે દેવીને ઉદ્દેશીને કહ્યું કે, "હે શાસનરક્ષિકા! તમારી વાત સાચી પણ હવે આ દેહની સ્થિતિ જોતાં બિલકુલ શક્યતા દેખાતી નથી. ભારે કર્મોદયથી આવેલો કોઢ રોગ કાંઈ કરવા દે તેમ નથી." ત્યારે દેવીએ કહ્યું કે "તમે અમુક જગ્યાએ જાઓ. ત્યાં રોજ ગાય આવીને સવારે પોતાના આંચળમાંથી દૂધ વરસાવે છે. તે જગ્યાએ તમને જમીનમાંથી એક પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા મળશે. પ્રતિમાના અભિષેક કરેલા પાણીને તમારા શરીરે છંટાવશો તો તમારો કોઢ રોગ નીકળી જશે અને તમારો દેહ કાંતિમય બની જશે."

આચાર્ય મહારાજ થોડા શ્રાવકોને લઈ તે જગ્યાએ પહોંચ્યા. થોડીવાર થઈ, એક મનોહર લક્ષણવંતી પૂર્ણ શ્વેતવર્ણી ગાય આવી ઊભી રહી અને આપોઆપ તેના આંચળમાંથી દૂધ ઝરવા લાગ્યું. દેવી શક્તિ નિર્દિષ્ટ પ્રભાવશાળી સ્થાન જોઈ સૂરિવર, મુનિવરો, સંઘના શ્રાવકો આનંદવિભોર બની ગયા. તે સ્થાનેથી પ્રતિમા કઢાવી અને મહોત્સવ પૂર્વક તેનો અભિષેક કરી પ્રભુનું ન્હવણજલ શાસનદેવીના સંકેત અનુસાર શરીરે છંટાવ્યું અને જાણે ચમત્કાર થયો હોય તેમ આચાર્ય મ.નો કોઢ રોગ નીકળી ગયો. તેમનું શરીર કાંતિમય થઈ ગયું. ત્યારપછી આચાર્ય ભગવંતે જૈન શાસનની અનેકાનેક પ્રભાવના કરી અને ભાવી શાસનની સુરક્ષા માટે નવ અંગો ઉપર સંસ્કૃત ભાષામાં સુંદર ટીકાઓ રચી. (નવ આગમગ્રંથો) આ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું નામ હતું "સ્તંભન પાર્શ્વનાથ" અને તે હાલ ખંભાતમાં બિરાજમાન છે. ક્યારેક યાત્રા દર્શન કરવા અવશ્ય જશો.

બાળકો :
**૧. જે પણ રોગ આવે તે આપણાં પોતાનાં કર્મના કારણે આવે છે માટે રોગ આવે તો દુઃખી ન થવું.**
**૨. માનવભવનું શરીર અને પ્રભુનું શાસન મલ્યું છે તો ધર્મ થાય તેટલો કરી લો... રોગ અને મૃત્યુ ક્યારે આવશે ખબર નથી.**
**૩. શરીર ધર્મની આરાધના કરવા માટે છે, ભોગ વિલાસ માટે નહીં.**
**૪. માણસ મરી જાય છે ત્યારે આત્મા ચાલ્યો જાય છે. શરીર પડી રહે છે. આ જ બતાવે છે કે શરીર અને આત્મા જુદા છે.**

## (૧૦) જૈન બાળકનો વિનય-વિવેક



# ❀ જૈન બાળકનો વિનય-વિવેક ❀

બાળકો, તમે જૈન છોને ? જૈન કુળ ક્યારે મળે ખબર છે ? જબ્બર ઉત્કૃષ્ટ પુણ્ય હોય તો જ જૈન કુળમાં જન્મ મળે. જૈન ધર્મ જગતના બધા જ ધર્મોમાં શ્રેષ્ઠ ધર્મ છે. જન્મ થતાંની સાથે જ જીવદયાના સંસ્કાર મળે છે. તેથી ઘણા ઘણા પાપથી આપણે અટકી જઈએ છીએ. જો જૈન ન બન્યા હોત અને આપણો જન્મ બીજે થયો હોત તો... કેટલા બધા જીવોને મારતા હોત ? કીડી, માંકડ, મચ્છર વગેરેને મારવાનો ડર જ ન હોત. **જૈન ધર્મનો અહિંસા ધર્મ મળી ગયો તો આપણા હૈયામાં-દયા-કરુણા આવી. જૈન ધર્મમાં દયા - અહિંસા હોવાથી જ જગતમાં મહાન ધર્મ તરીકે પ્રસિદ્ધ છે.**

આવો ઉત્તમ ધર્મ આપણને મળ્યો છે તેનું ગૌરવ હોવું જોઈએ. નાની ઉંમરથી જ તેની રહેણી-કરણી-પ્રણાલી શીખવી જોઈએ.

''હાય હલ્લો છોડો, જય જિનેન્દ્ર બોલો'' એ સૂત્ર હાલ ચાલે છે. પરંતુ બધી જ જગ્યાએ 'જય જિનેન્દ્ર' ન બોલાય. દેરાસર દેખાય, ગુરુ મ. મળે, વડીલ કે સાધર્મિક મળે, કે અજૈન મળે આ બધાની ભૂમિકા જુદી જુદી છે. તો દરેક સામે વિનય વ્યક્ત કરવાની રીતો પણ જુદી જુદી હોય છે. ચાલો; **આપણે વિનય શીખીએ અને જીવનમાં તેનો અમલ કરીએ.**

૧. જિનમંદિરનાં દર્શન થતાં જ પગમાંથી ચંપલ કાઢી બે હાથ જોડી મસ્તક નમાવી **'નમો જિણાણં'** કરીને નમસ્કાર કરવો.

૨. પૂ.ગુરુ મહારાજ (સાધુ-સાધ્વીજી) માર્ગમાં મળે તો ઉપર પ્રમાણે જ મસ્તક નમાવી **''મત્થએણ વંદામિ''** બોલવું અને સુખશાતા પૂછવી જોઈએ. ગુરુ મ. ધર્મલાભના આશીર્વાદ આપે.

૩. માતા-પિતા, જૈન વડીલ કે સાધર્મિક મળે તો બે હાથ જોડી **'પ્રણામ'** કહેવું જોઈએ. પાઠશાળામાં શિક્ષક આવે ત્યારે ઊભા થઈને બે હાથ જોડી મસ્તક નમાવી પ્રણામ કરે. જૈન મિત્રો - મિત્રો સામે મળે તો પણ **પ્રણામ** કહેવું રોજ સવારે ઊઠી નવકાર ગણી માતા-પિતાને **પ્રણામ** કરી તેઓનો હાથ માથે મુકાવી આશીર્વાદ લેવા.

૪. અજૈન હોય તેનું પણ ઔચિત્ય તો જાળવવાનું છે. અજૈનો સામસામે મળે તો જેમ જય શ્રી કૃષ્ણ કે જય સીયારામ બોલે છે તે રીતે જૈન શિષ્ટાચાર પ્રમાણે **'જય જિનેન્દ્ર'** કહે. જૈનને અજૈન મળે તો જૈન જય જિનેન્દ્ર કહે. આ રીતે જુદા જુદા સ્થાને અલગ-અલગ રીતે વિનય વ્યક્ત કરવાનો છે. આવી બુદ્ધિને વિવેક કહે છે. આજે જૈન શાસ્ત્ર પ્રમાણેનો વિવેક ભુલાઈ ગયો છે. ભગવાન હોય, ગુરુ મ.હોય, વડીલ-સાધર્મિક હોય કે અજૈન હોય બધે જ **જય જિનેન્દ્ર** બોલવાનું શરૂ થઈ ગયું છે. તે ખોટું છે. આપણા જીવનમાં આવી ભૂલો ન થાય તે ધ્યાન રાખવાનું. કયા સ્થાને કયું વર્તન કરવાનું તે વિવેક બુદ્ધિ શીખવાડે છે.


**વિવેકપૂર્વક વિનય કરવાથી, ભગવાનની કરુણા મળે. ગુરુ મહારાજના ધર્મલાભ આશીર્વાદ મળે, વડીલો-સ્વજનોના ગુણવાન જીવતા આશીર્વાદ મળે, અજૈન વડીલોની પણ શુભેચ્છાઓ મળે.**

બાળકો : **૧. વિનય એ ધર્મનું મૂળ છે. જીવનમાં વિનય ગુણ કેળવજો.**

**૨. વિનયગુણને શોભાવવા માટે વિવેક જોઈએ... કયાં કેવો વિનય કરવો કેવું વર્તન કરવું તે વિવેક ગુણ શીખવાડે છે.**

**૩. નમોજિણાણં, મત્થએણ વંદામિ, પ્રણામ અને જય જિનેન્દ્ર કયાં બોલવા તે શીખજો.**

# (૧૨) કઠિયારાની વાર્તા



# ❀ કઠિયારાની વાર્તા ❀

એક કઠિયારાં પતિ-પત્ની હતાં. તેઓ ઘણાં ગરીબ હતાં છતાં સંતોષી હતાં. બંને રોજ જંગલમાં જાય છે. લાકડાં કાપીને ભારા લઈ આવે છે. મહેનત મજૂરી કરીને લૂખો રોટલો ખાઈને નિષ્પાપ જીવન જીવે છે. એકવાર જંગલમાં એમને બે ઉત્તમ જૈન સાધુનો ભેટો થયો. કઠિયારાં પતિ-પત્નીએ એમને પ્રણામ કર્યા. યોગ્ય જીવો જાણીને મુનિવરોએ એમને ધર્મનો ઉપદેશ આપ્યો કે, **'કોઈએ આપ્યા વગરની પારકી વસ્તુ લેવાય નહિ, એને ચોરી કહેવાય. ચોરીનું પાપ હિંસાથી પણ મોટું છે. ચોરીથી ધનનો લોભ વધે. ધનનો લોભ વધવાથી નિર્દયપણ** આવે. નિર્દય બનેલો માણસ માબાપ, ભાઈ - બહેન વગેરેને હણવા પણ તૈયાર થઈ જાય છે. માટે સારી બુદ્ધિવાળાએ **પારકા ધનને પથ્થર સમાન જ માનવું જોઈએ.'** મુનિવરોનો ઉપદેશ સાંભળીને સરળ સંતોષી ને પાપભીરુ એવા તેમણે, 'માલિકે આપ્યા વગરની કોઈની પારકી ચીજ કદી પણ લેવી નહિ' એવો નિયમ લીધો મુનિવરોનો ઉપકાર માની ભાવપૂર્વક, મનની મક્કમતાથી કઠિયારાં પતિ-પત્ની એ નિયમનું પાલન કરવા લાગ્યાં.

એકવાર એવું બન્યું કે કોઈ દેવે એ કઠિયારાં પતિ-પત્નીના નિયમની દઢતાનું પારખું કરવાનું નક્કી કર્યું. તે માટે, તેઓ જ્યારે જંગલમાં જઈ રહ્યાં હતાં ત્યારે, એમના માર્ગમાં એક મૂલ્યવાન રત્નજડિત સુવર્ણનું ઘરેણું મૂકી દીધું. આગળ ચાલતા કઠિયારાની નજર એના પર પડી. તરત જ એને પોતાનો નિયમ યાદ આવ્યો. પોતે સાચા ભાવથી લીધેલા નિયમને કારણે જ્યાં પોતાને કોઈ જોનાર પણ નથી, એવા એકાંત સ્થાનમાં પડેલું કીમતી ઘરેણું જોવા છતાં એનું મન જરાય લોભાયું નહિ. પોતે અત્યંત દુઃખદાયક ગરીબાઈમાં જીવી રહ્યો હોવા છતાં એની બુદ્ધિ જરાય બગડી નહિ. પ્રતિજ્ઞા-પાલનના વિષયમાં એનું નિશ્ચિલ મન જરા પણ ચલાયમાન થયું નહિ, પણ એ કઠિયારાએ વિચાર્યું કે, પાછળ મારી પત્ની આવી રહી છે. ગરીબાઈના કારણે કદાચ એનું મન આ ઘરણું જોવાથી લલચાય, એની બુદ્ધિ કદાચ બગડે, એથી એને આ ઘરેણું લેવાનું મન થઈ જાય તો એનો નિયમ ભાંગે. એટલે એ ઘરેણું જોવાથી પોતાની પત્નીનું મન લલચાય નહિ, એનો નિયમ ભાંગે નહિ, તે માટે તેણે ચાલતાં ચાલતાંજ પગથી તે ઘરેણાને ધૂળથી ઢાંકી દીધું અને એ આગળ ચાલ્યો. આગળ જતાં પતિ-પત્ની ભેગાં થયાં ત્યારે પત્નીએ પતિને પૂછયું કે, રસ્તામાં તમે તે જગ્યાએ પગથી ધૂળ ઉડાડીને ને શું કરતા હતા ? જવાબમાં કઠિયારાએ કહ્યું કે, ત્યાં સુવર્ણનું એક મૂલ્યવાન ઘરેણું પડ્યું હતું. એ જોઈને તારી બુદ્ધિ બગડે નહિ, તને એ લેવાનું મન થાય નહિ એ માટે એને ધૂળથી ઢાંકી દીધું હતું. તે સાંભળીને તેની પત્નીએ કહ્યું કે, 'તમને એ ઘરેણું સુવર્ણનું કેમ દેખાયું ? **પારકી ચીજ તો ગમે તેવી કીંમતી હોય તોપણ તે આપણને માટીના ઢેફા સમાન જ દેખાવી જોઈએ.'**

પત્નીની આ વાત સાંભળીને અત્યંત આનંદ અને આશ્ચર્ય પામેલા કઠિયારાએ કહ્યું કે, 'તું મારા કરતાં ચડી ! તારી બુદ્ધિ તો મારા કરતાંય વધારે નિર્મળ છે. પ્રતિજ્ઞા-પાલનની બાબતમાં તારું મન મારા કરતાં પણ વધારે નિશ્ચલ છે.'


રસ્તામાંથી મળી આવેલા પારકા પૈસા લઈને દેરાસરના ભંડારમાં નાખવાથી કે ગરીબને આપવાથી ધર્મ થાય છે, અથવા સારું કામ થાય છે એ માન્યતા ખોટી અને અહિતકર છે.

બાળકો : ૧. **સંતોષ ગુણ ગમે તેવી વિકટ સ્થિતિમાં પણ સુખી રાખે છે.**

૨. **કોઈની પડી ગયેલી વસ્તુ આપણે ક્યારય લેવી નહીં.**

૩. **પારકી વસ્તુ ગમે તેટલી કીંમતી હોય છતાં તે ધૂળ સમાન માનવી.**

# (૧૪) અશુદ્ધ મંત્રપાઠ



# ❀ અશુદ્ધ મંત્રપાઠ ❀

રાજગૃહી નામની નગરીમાં એકવાર પ્રભુ મહાવીરસ્વામી પધાર્યા હતા. શ્રેણિક મહારાજા પોતાના સર્વ પરિવાર સહિત ચતુરંગી સેના સાથે ધર્મદેશના સાંભળવા આવ્યા. ધર્મદેશના સાંભળીને તેઓ પાછા ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક આશ્ચર્યકારી દૃશ્ય તેમની નજરે પડ્યું.

એક વિદ્યાધર કોઈ મન્ત્રપાઠ ભણીને આકાશમાં ઊડતો હતો અને પાછો નીચે પછડાતો હતો. પાંખ વિનાના પંખી જેવી એની દુર્દશા જોઈને શ્રેણિકરાજાને આશ્ચર્ય થયું. તેથી તરત જ તે બનાવનું કારણ જાણવા તેઓ પ્રભુ પાસે પાછા આવ્યા અને પ્રભુને પૂછ્યું કે, ''ભગવન્ ! મંત્ર જપવા છતાં પાંખ વિનાના પંખીની જેમ આ વિદ્યાધર આકાશમાં ઊડીઊડીને જમીન પર કેમ પછડાય છે ?''

ભગવાને કહ્યું : 'મહારાજ શ્રેણિક, એમાં મંત્રનો દોષ નથી, દોષ એ વિદ્યાધરનો પોતાનો જ છે. મંત્રપાઠનો એક અક્ષર એ ભૂલી ગયો છે. એક અક્ષરથી અધૂરો મંત્ર જપવાથી એને આવું દુઃખ ભોગવવું પડે છે. મંત્રમાં માત્ર એક જ અક્ષર એ ઓછો જપે છે, પણ એનાં કડવાં ફળ તરીકે એને આમ વારંવાર જમીન પર પછડાવું પડે છે.''

શ્રેણિકરાજાના પુત્ર અને પ્રધાન અભયકુમાર ખૂબ બુદ્ધિશાળી હતા. એમની પાસે પદાનુસારિણી લબ્ધિ હતી. એ લબ્ધિના પ્રભાવે મંત્ર વગેરેના કોઈ પણ એક પદને જોવા કે સાંભળવા માત્રથી બાકીનાં પદો એમને આવડી જતાં. એથી ત્યાં રહેલા અભયકુમારે કહ્યું : ''પિતાજી ! ચાલો, આપણે એ વિદ્યાધરની પાસે જઈએ. હું એને એનો ભુલાઈ ગયેલો મંત્રાક્ષર યાદ કરાવી આપું, જેથી એ આકાશમાં ઊડીને પોતાના ઈષ્ટસ્થાને પહોંચી શકે.'' સૌ વિદ્યાધર પાસે આવ્યા. બુદ્ધિનિધાન અભયકુમારે વિદ્યાધરને કહ્યું : ''તમે મંત્રનો અક્ષર ભૂલી ગયા છો, તેથી તમારે ઊડીઊડીને નીચે પછડાવું પડે છે. જો તમે મને તમારી પાસે રહેલી આકાશગામિની વિદ્યા આપો, તો હું તમને તમારો ભુલાઈ ગયેલો મંત્રાક્ષર યાદ કરાવી આપું.''

વિદ્યાધરને તો ગમે તે ભોગે આકાશમાં ઊડવાની સિદ્ધિ મેળવવી જ હતી, એટલે એણે અભયકુમારની શરત માન્ય રાખીને આકાશગામિની વિદ્યાનો મંત્રપાઠ એમને આપ્યો. અભયકુમારે પદાનુસારિણી લબ્ધિના પ્રભાવે એ મંત્રનો ભુલાઈ ગયેલો અક્ષર શોધી કાઢ્યો અને વિદ્યાધરને એની વિદ્યા સંપૂર્ણ કરી આપી ! સંપૂર્ણ મંત્રજાપ દ્વારા વિદ્યાધર હવે આકાશમાં પારેવાની જેમ સડસડાટ ઊડવા માંડ્યો ને એના આનંદનો પાર ન રહ્યો ! સાથે અભયકુમારના આનંદનો પણ પાર ન હતો, કારણ કે એમને તો પરોપકાર થવા સાથે આકાશમાં ઊડવાની સિદ્ધિ મળી ગઈ હતી !

બાળકો : **૧. મંત્ર કે સૂત્રોમાં એકપણ અક્ષર ઓછો બોલવામાં આવે તો તેની શકિત ઓછી થઈ જાય.**

**૨. જેમ અક્ષરમાં ફેરફાર ન કરાય તેમ કાના માત્ર અનુસ્વાર (o) વગેરેમાં પણ ફેરફાર કરવાથી અર્થ બદલાઈ જાય.**

(૧૮) અશુદ્ધ લખવાથી અનર્થ થાય છે.



# ❁ અશુદ્ધ લખવાથી અનર્થ થાય છે. ❁

એક શેઠ હતા. તે રૂના વેપારી હતા. પરગામ રહેતા તેમના વેવાઈને પણ રૂનો જ મોટો વેપાર હતો. એકવાર શેઠને કોઈ કાર્ય પ્રસંગે અજમેર જવાનું થયું ત્યારે તેમણે પોતાના વેવાઈ ઉપર, મુનીમને નીચે પ્રમાણે પત્ર લખવાની સૂચના આપી કે, ''શેઠ અજમેર ગયે હૈં. હમને રૂઈ લિયા હૈં. તુમ ભી રૂઈ લેના ઔર બડી વહી કો ભેજ દેના.'' (શેઠ અજમેર ગયા છે. અમે રૂ ખરીદ્યું છે. તમે પણ રૂ ખરીદી લેજો અને મોટો ચોપડો મોકલી આપજો.)

પણ કાળજી વગરના કાંઈક ઉતાવળિયા સ્વભાવવાળા મુનીમજીએ તો લખ્યું કે, **"શેઠ આજ મર ગયે હૈં. હમને રોઈ લિયા હૈ. તુમ ભી રોઈ લેના ઔર બડી બહુ કો ભેજ દેના."** (શેઠ આજે મરી ગયા છે. અમે રોઈ લીધું છે, તમે પણ રોઈ લેજો અને મોટી વહુને મોકલી આપજો.) 'અજમેર'ને બદલે 'આજ મર', 'રુઈ'ને બદલે 'રોઈ' અને 'વહી'ને બદલે 'વહુ' લખી નાખ્યું !

પત્ર તો વેવાઈને ઘેર પહોંચી ગયો. સૌએ વાંચ્યો, વારંવાર વાંચ્યો, બીજાઓની પાસે પણ તે પત્ર વંચાવ્યો ને પછી તો પૂછવાનું જ શું ? તરત જ મોંકાણ મંડાઈ ગઈ. રોકકળ શરૂ થઈ ગઈ. સૌએ જીવતા-જાગતા શેઠના નામનું નાહી નાખ્યું ને સૂતક પણ કાઢ્યું.

વેવાઈની મોટી દીકરી આ પત્ર લખનારા શેઠના મોટા છોકરા સાથે પરણાવેલી હતી, તેથી તે સાસરિયામાં 'બડી બહુ' (મોટી વહુ) તરીકે ઓળખાતી હતી. પત્રના લખાણ મુજબ તેનો ભાઈ તેને સાસરે મૂકવા આવ્યો. પણ ત્યાં તો શેઠને સાજાતાજા બેઠેલા જોયા. તેથી આ ભાઈ - બહેન તો ભારે વિસ્મય પામ્યાં ! ને આંખો ફાડીફાડીને શેઠને જોઈ જ રહ્યાં ! પછી તો બધી વાત થઈ, સાચી વાતનો ભાંડો ફૂટ્યો ને મુનીમના ગરબડ-ગોટાળા બહાર આવ્યા.

મુનીમે **ઉતાવળમાં કાનો-માત્રા-અક્ષર વગેરેનો ફેરફાર કરીને પત્ર લખ્યો, તેના કારણે જ આ બધી મોંકાણ મંડાઈ ગઈ હતી.** પછી તો બધા પેટ પકડીને હસ્યા. શેઠ તો જાણે કે મરીને ફરી જ જન્મ્યા !

બાળકો : **૧. અશુદ્ધ લખવાથી-બોલવાથી ભારે અનર્થો થાય છે. માટે સૂત્રો વગેરે બોલતાં શુદ્ધિનું ધ્યાન રાખવું.**

**૨. નીચેનું વાક્ય વાંચો. મારીદુ કાનમાંઉ ધારચે વડોવે ચાય છે. હવે વાંચો - મોરી દુકાનમાં ઉધાર ચેવડો વેચાય છે.**

**૩. જીવન વ્યવહારમાં અને ધર્મ ક્રિયામાં શુદ્ધ બોલવાનો આગ્રહ રાખો.**

**સુભદ્રાબેન રમણલાલ શાહ**
૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫. (ઉ.૮૪)
વિસસ્થાનક તપ (ઉપવાસથી)
નવપદજીની ઓળી (વિધિ સાથે)



**અર્પિત અભયભાઈ કાંતિલાલ શાહ**
એ-૪૦૨, ક્રિષ્ણા ટાવર, ૧૦૦' રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. (ઉ.૧૩)
ફોન : ૨૬૭૬૪૨૧૭
સામાયિક સુત્રો




**ખુશી કલ્પેશભાઈ કાંતિલાલ ભોટાણી**
બી-૧૦૨, સાગર સમ્રાટ ટાવર,
ટાઈમ્સ ઓફ ઈન્ડિયા રોડ, સેટેલાઈટ,
મુરલી એપા.સામે, અમદાવાદ-૧૫.
મો. ૯૪૨૬૪ ૪૭૯૦૨



**માહી હાર્દિક સંઘવી (ઉ. ૪)**
ડી-૧૦૧, ધનંજય ટાવર, ૧૦૦' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.
ફોન : ૨૬૯૩૧૫૦૧



**ખુશી ચિંતન ઉમેશભાઈ શાહ**
(ઉ.૫ વર્ષ)
૧૧, ઈશાવાસ્યમ બંગલોઝ, સેટેલાઈટ,
લવકુશ સોસા. પાસે, અમદાવાદ.
વિવિધ તપશ્ચર્યા



**માહિન મનનકુમાર શાહ (ઉ. ૬ માસ)**
C/o.જીતેન્દ્ર વિરચંદભાઈ શાહ
બી-૩૭, સોમેશ્વર રો-હાઉસ, કોમ્પલેક્ષ-૧,
રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : ૨૬૭૬૬૪૭૧



**પક્ષાલ પ્રિતેશભાઈ યશવંતભાઈ શાહ**
૬૩, વૃંદાવન બંગલોઝ, સેટેલાઈટ, મેડીલીંક
હોસ્પીટલના ખાંચામાં, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. ફોન : ૨૬૭૬૪૫૩૫
નિત્ય પ્રભુ દર્શન, પાઠશાળા



**વિહાર - પરિહાર કૈવન દોશી**
(ઉ. ૧૨ વર્ષ) (ઉ. ૯ વર્ષ)
એ-૫૨, શ્યામલ રો-હાઉસ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. (અઠ્ઠાઈ તપ, ગલ્લાના તપ,
નિત્યપુજા દર્શન, ધાર્મિક અભ્યાસ)



**આશ્કા સુકેતુભાઈ અશોકકુમાર શાહ**
એ-૫૦૨, કલાદિપ ફ્લેટ્સ, ૧૦૦' ફૂટ રીંગ રોડ
ધનંજય ટાવર પાછળ, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. મો. ૯૩૨૭૫૧૪૩૫૫
(ઉ. ૧૧ વર્ષ) સાતલાખ સુત્ર



**અનુજ પરેશભાઈ શાહ (ઉ.૧૦)**
૬/૧૪૫૯, દડંગવાડ, નવસારી.
મો. ૯૮૨૫૯ ૭૦૧૦૩
બે-પ્રતિક્રમણ, નિત્યપૂજા, પાઠશાળા



**કોમલ નિમિષભાઈ હસમુખભાઈ ચુડગર**
૧૪, સાનિધ્ય બંગલો, ૧૩૨' રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. ફોન : ૨૬૭૬૨૩૦૮
ધો-૮, ચિત્રરંગપૂરણીમાં શોખ



**નૈસાર હિતેશભાઈ નરેન્દ્રભાઈ શાહ**
૧૭, અશ્વમેઘ બંગલો, વિ-૫,
સેટેલાઈ રોડ, અમદાવાદ - ૧૫.
ફોન : ૨૬૭૬૬૨૦૦ (ધો. ૪)
(ઉ. ૯ વર્ષ) નિત્યદર્શન, પાઠશાળા



**કવિષ પરાગભાઈ ગાઠાણી**
૨, સ્વીનગર બંગલો, ૧૩૨ રીંગ રોડ,
સેટેલાઈટ, અમદાવાદ. (ઉ.૧ વર્ષ)
નિત્ય દર્શન, નવકાર મંત્રનું શ્રવણ

**મંજુલાબેન ચીનુભાઈ શાહ**
(અગરબત્તીવાળા)
૩, પ્રસાદ પાર્ક, મેડીલીંક હોસ્પીટ પાસે,
સોમેશ્વર જૈન દેરાસર સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાયમી સૌજન્ય : રીષભ ચીરાગકુમાર મહેતા**
૨, સ્વીનગર, સોસાયટી, સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.

JAMBOODWEEP PRINTERS
95585 94558, 98798 96170